Journal Homepage: - www.journalijar.com

INTERNATIONAL JOURNAL OF ADVANCED RESEARCH (IJAR)

ISSN NO. 2320-5407

Article DOI: 10.21474/IJAR01/18985
DOI URL: http://dx.doi.org/10.21474/IJAR01/18985

*RESEARCH ARTICLE*

# A STUDY OF THE EDUCATIONAL THOUGHTS OF RANG AVADHOOT AND SWAMI SACCHIDANAND

**Dr. Gnanesh Bakulchandra Godbole**

| *Manuscript Info* | *Abstract* |
|---|---|

***Manuscript History***
Received: 25 April 2024
Final Accepted: 28 May 2024
Published: June 2024

*Copy Right, IJAR, 2024,. All rights reserved.*

## Introduction:-

**પ્રસ્તાવના:-**

**જીવનના ઉત્થાન માટે શિક્ષણ અગત્યનું છે. વર્તમાન સમયમાં પરિવારિક વારસાથી જીવનનું ઘડતર પૂર્ણપણે થઈ શકે નહીં. સાંપ્રત કાળમાં વ્યક્તિ અને વ્યક્તિ તથા સમૂહજીવનની સમસ્યાઓ વધતી જણાય છે. વ્યક્તિ શિક્ષિત હોવા છતાં પણ કેળવાયો હોય તેવું લાગતું નથી. પરિણામે સમસ્યાનું સમાધાન કરી શકતો નથી. કાલેલકર નોંધે છે કે, “આ દેશને અંગ્રેજી રાજ્યે ભારે નુકશાન કર્યું હોય તો તેણે શિક્ષણ ધર્મનો નાશ કર્યો છે.” આજે શિક્ષણ જીવનલક્ષી કરતાં આજીવિકાલક્ષી વધારે બન્યું છે. સમાજ પણ શિક્ષણ પાસે અપેક્ષાઓ રાખે છે. આજે શિક્ષણની સાથે મૂલ્યની દરકાર ઓછી રખાય છે અથવા રાખતી નથી. શું વર્તમાન શિક્ષણ વ્યક્તિને ઉજમાળો બનાવે છે ખરું? સાચું શિક્ષણ કોને કહેવાય? શું સમાજમાં શિક્ષણ પરિવર્તન લાવી શકે? વ્યક્તિ અને સમાજનું ઉત્થાન કેવી રીતે થઈ શકે? વર્તમાન શિક્ષણમાં શું આવશ્યક ગણાય? આવા પ્રશ્નો થવા સહજ છે.**

**ગુજરાતના લોકશિક્ષકો રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદે ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક, વ્યક્તિલક્ષી, રાષ્ટ્રીય ચેતનાને ઉજાગર કરવાનો પ્રયત્ન પોતીકી રીતે કર્યો છે. બંને ચિંતકોએ ગુજરાતના સમાજ અને શિક્ષણનો અનુભવ કર્યો છે. બંને મહાનુભાવોએ જીવનકલાના ઉપાસના કરી છે. આ બન્ને વ્યક્તિજીવન અને સમાજજીવન ઉત્થાનના ચિંતકો છે. બંને ચિંતકોએ પોતપોતાની રીતે વ્યક્તિ અને સમાજજીવનને ઉજમાળો બનાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. મૂળ શિક્ષકનો જીવ ધરાવતા બંને ચિંતકોએ જે અનુભવ્યું છે તેને નિ:સ્વાર્થ લોકહિતાર્થે વહેચ્યું છે, કોઈ પણ પ્રકારની ખેવના સેવ્યા વગર. બંને ધર્મનિષ્ઠ વ્યક્તિઓએ શિષ્ય પરંપરા (ગાદી પરંપરા) ઉભી કરી નથી, પરંપરાપોષક અને જ્યાં પરંપરા યોગ્ય લાગી નથી ત્યાં પરંપરાભંજક બન્યા છે. આમ, બંને ચિંતકો પૂર્ણત: રૂઢીવાદી રહ્યાં નથી. જ્યાં જરૂર પડી ત્યાં ક્રાંતિકારી બન્યા છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર માટે પોતાના વિચારો આચારમાં મૂક્યા છે. તેમનામાં જીવમાત્રની સેવા કરવાનો ધર્મ કેન્દ્રસ્થાને જણાય છે. બંને મૂલ્યનિષ્ઠ અને નિસ્પૃહી. વ્યક્તિજીવન અને સમૂહજીવનના આચારનું પરિમાર્જન કરનારા, અલગારી વ્યક્તિત્વ ધરાવતા આ બંને લોકશિક્ષકોના શિક્ષણ વિશેના વિચારો તપાસવા આ અભ્યાસ હાથ ધર્યો છે.**

**Corresponding Author:- Dr. Gnanesh Bakulchandra Godbole**

**ચાવીરૂપ શબ્દો:- રંગ અવધૂત, સ્વામી સચ્ચિદાનંદ , શૈક્ષણિક વિચારો**

**રંગ અવધૂત**

**તેમનો ઈ.સ.1898 ના રોજ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરાનગરમાં જન્મ થયો હતો. મેટ્રિક સુધીનું શિક્ષણ ગોધરામાં થયું હતું. ત્યારબાદ વડોદરામાં કૉલેજ શિક્ષણનો ત્યાગ કરી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદથી ઈ.સ. 1921માં સ્નાતક થયા, ગાંધીજી પ્રેરિત કાર્યોમાં જોડાયા. કેટલાક લોકોની કથની-કરણીમાં ભેદ જોયો; ગાંધીજી પ્રેરિત કાર્યો છોડયા. ઈ.સ. 1925 માં સ્વ સાક્ષાત્કાર માટે નારેશ્વર સાધના કરી. આત્મસાક્ષાત્કાર થતા દત્તભક્તિના માધ્યમથી લોકશિક્ષણ માટે અનેક કાર્યો કર્યા. ધીરુભાઈ જોષીએ નોધ્યું છે કે, પૂજ્યશ્રી મોટાના મતે, ...એમનામાં જે દૈવત હતું એનો લાભ આપના ગુજરાતે લીધો નહિ.....અમારા સંસ્કૃતના પ્રાધ્યાપક કરતાં પણ એમની પ્રતિભા વધુ તેજસ્વી. એ શીઘ્રકવિ હતા...એ શરીરે મહારાષ્ટ્રીય હતા પણ ગુજરાતી ભાષા ઉપર તેમનો ભારે કાબૂ હતો.....એમની શક્તિ વિષે કઈંક કહેવું એ મારા જેવાની શક્તિ બહારનું છે." રંગ અવધૂતે ' નારેશ્વર'ને લોકશિક્ષણનું કેન્દ્ર બનાવ્યું હતું. ઉત્સવઉજવણી વિષે એક પત્રમાં રંગ અવધૂત એક પત્રમાં લખે છે, "ગરુકૃપાથી એમની જીવનશુદ્ધિ તથા સંસ્કારશુદ્ધિ થઈ રહી છે.....તેથી ઉત્સવ પણ એક તાલીમ કેન્દ્ર જ બની રહે છે." અનેક લોકસંગ્રહાત્મક પ્રવૃત્તિ કરનાર રંગ અવધૂતે ધીરુભાઈ જોષી સાથે રમૂજ કરતાં કહ્યું હતું કે, "કૉલેજમાં તારે બે-ત્રણ પિરિયડ લેવાના, મારે તો આખો દિવસ. તારે મર્યાદિત વિદ્યાર્થીઓ અને મારે તો અસંખ્ય. રવિવારની કે** Casual Leave **નહિ. વેકેશન નહિ, પગાર નહિ, પેન્શન નહિ અને એમ આખો દિવસ હંમેશ ચાલ્યા જ કરે." આમ, રંગ અવધૂતે નારેશ્વરને જંગમ વિદ્યાપીઠ બનાવી હતી અને તેઓ આચાર્ય હતા. તેમણે સ્વેચ્છાએ ઈ.સ. 19 નવેમ્બર, 1968ના રોજ હરિદ્વાર ખાતે દેહોત્સર્ગ કર્યો.**

**સ્વામી સચ્ચિદાનંદ**

**સ્વામી સચ્ચિદાનંદનું નામ નાનાલાલ મોતીલાલ ત્રિવેદી. તેમનો જન્મ ૨૨મી એપ્રિલ, ૧૯૩૨ ના રોજ ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લા શંખેશ્વર તાલુકાના મોટી ચંદુર ગામમાં થયો. તેમણે સંસ્કૃત વિશ્વ વિદ્યાલય, વારાણસીથી વેદન્તાચાર્યની પદવી પ્રાપ્ત કરી. તેમના ગુરુ સ્વામી મુક્તાનંદજી પરમહંસ. ગુજરાતમાં પેટલાદ પાસે દંતાલી ગામમાં શ્રી ભક્તિ નિકેતન આશ્રમ સ્થાપી, લોકજીવન ઉજમાળવાનું કાર્ય કરે છે. તેમણે પોતીકા અનુભવોને વિશેષ દ્રષ્ટિકોણથી પુસ્તક સ્વરૂપે સમાજ સામે પ્રસ્તુત કર્યા છે. તેમણે પ્રસંગોપાત જ્ઞાન અને માહિતીસભર પ્રવચનો આપ્યા છે. તેમના વિચારો ક્રાંતિકારી છે. તેમના ચિંતનીય અને મનનીય લખાણ અને પ્રવચનમાં વિવેકસભર તાર્કિકતા જોવા મળે છે, પ્રાચીન અને આધુનિકનો સમન્વય પણ સાંપડે છે. તેમણે ભગવા વસ્ત્રો પરિધાન કર્યા છે પણ વ્યક્તિ અને સમાજના ઉત્થાનમાં અગ્રેસર રહ્યા છે. તેઓ સાધુમય જીવન જીવતા હોવા છતાં અતિઆદર્શવાદી નહિ પણ વાસ્તવવાદી જણાય છે. એમને સર્જન માટે વિવિધ સન્માન પણ પ્રાપ્ત થયા છે.**

**શૈક્ષણિક વિચારો:-**

**જેનાથી વ્યક્તિજીવન અને સમાજજીવન પરિવર્તન અને પરિમાર્જન થાય પરિણામે વ્યક્તિ અને સમાજનું ઉર્ધ્વીકરણ થાય. આમ, વ્યક્તિ અને સમાજ જીવનને ઉન્નત બનાવવાની પ્રક્રિયા એટલે શિક્ષણ. અહીં શૈક્ષણિક વિચારોમાં શિક્ષણ, શિક્ષણનો હેતુ, શિક્ષણની પ્રયુક્તિઓ-પદ્ધતિઓ, શિસ્ત, શિક્ષક, વિદ્યાર્થી, શિક્ષક –વિદ્યાર્થી સંબંધનો સમાવેશ થાય છે.**

**અભ્યાસના હેતુ:**

**આ અભ્યાસન હેતુઓ આ મુજબ છે.**

1. **રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના શિક્ષણ અંગેના વિચારો જાણવા.**
2. **રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના વિચારોમાં શિક્ષણના હેતુઓ તપાસવા.**
3. **રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના મતે શિક્ષણની પ્રયુક્તિઓ-પદ્ધતિઓ જાણવી.**
4. **રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના શિક્ષણમાં શિસ્ત અંગેના વિચારોનો અભ્યાસ કરવો.**

5. **રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના શિક્ષક વિશેના વિચારો તપાસવા.**
6. **રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના વિધાર્થી વિશેના વિચારો જાણવા.**
7. **રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના મતે શિક્ષક –વિધાર્થી સંબંધ વિશેના વિચારો તપાસવા.**

1. **વ્યાપવિશ્વ અને નમૂનો:-**

   **આ અભ્યાસમાં રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના પ્રાપ્ય પુસ્તકો અને પ્રવચનોનો તથા તેમના વિચારોનું સંકલન-સંપાદન થયેલાં સાહિત્યનો પણ સમાવેશ થાય છે.**

2. **સંશોધન પદ્ધતિ**

   **સંશોધન માટે સંબંધિત પુસ્તકોનો અભ્યાસ કર્યો. હેતુઓને અનુરૂપ વિચાર એકમો એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ સંશોધનમાં પુસ્તકાલય પદ્ધતિનો અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ ઉપયોગ કરવામાં આવ્યો હતો.**

3. **તારણો:-**

6.1 **રંગ અવધૂત 'શિક્ષણ એ જેટલું શાસ્ત્ર છે તેથી વધારે કળા છે અને કળા તો જેમ વધારે કેળવીએ તેમ વધારે ખીલી નીકળે.' એમ માને છે. શિક્ષણનું કાર્ય વ્યક્તિને ઉર્દ્વગામી બનાવવાનું છે. વ્યક્તિએ શિક્ષણ થકી જીવનનું સમાર્જન કરવાનું છે, વ્યક્તિએ જીવન ખીલવવાનું છે. શિક્ષણરૂપી કળા દ્વારા જ્ઞાન પર ચઢેલા અજ્ઞાનનું આવરણ ખસેડવાનું છે, જેથી અંતરદ્વાર ખુલે. સ્વામી સચ્ચિદાનંદ ક્ષમતાયુક્ત માનવનિર્માણની વાત કરે છે, તેઓ શિક્ષણમાં યોગ્યતા સિવાયના માપદંડો સિવાય યોગ્યતાસભર સમાજનું નિર્માણ ના કરી શકવાનું કહે છે. તેઓના મતે વિધા અપૂર્ણ છે પરિણામે તેનામાં સતત ઉમેરો-વધારો થાય છે. તેઓ ભણવાના સમયે ફક્ત ભણવાની જ વાત કરે છે. સ્વામી સચ્ચિદાનંદના મતે જ્ઞાનનું પ્રમાણ વધારે હોય તો જીવનમાં સંવાદિતા, સમજણ અને શાંતિનું પ્રમાણ વધારે રહેવાનું. બંને લોકશિક્ષકો માનવને સારો માનવી બનાવવાની વાત પર ભાર મૂકે છે. સ્વામી સચ્ચિદાનંદ રૂપદર્શન, બુદ્ધિદર્શન અને ભાવદર્શન(શરીર, બુદ્ધિ અને હૃદય)ને શિક્ષણમાં આવશ્યક માને છે.**

6.2 **અવધૂત જીવન શિક્ષણમાં અનુભવને મહત્ત્વ આપતાં કહે છે કે, 'એક કણ અનુભવ હજારો ખાંડી અભ્યાસ કરતાં પણ વધારે કિંમતી છે.' જ્યારે સ્વામી સચ્ચિદાનંદ હાથને મગજ સાથે જોડવાની વાત કરી, શારીરિક અનુભવને માનસ સાથે જોડી શ્રેષ્ઠ કાર્ય કરવાની વાત પર ભાર મૂકે છે. તેઓ જેમાં ઉમેરો થતો રહે તેને જીવંત વિધા માની અનુભવજન્ય શિક્ષણ તરફ અંગુલી નિર્દેશ કરે છે. બંને ચિંતકોના માટે શિક્ષણ પ્રક્રિયામાં અનુભવ અગત્યનો છે. એકંદરે અનુભવને માનસ સ્તરે મૂકી પ્રગટતું જ્ઞાન વ્યક્તિએ આચરણમાં મૂકી પોતાનો ઉત્કર્ષ સાધવાનો છે.**

6.3 **ભણતરને ' મોટું ભૂત' કહેનાર રંગ અવધૂત એકબીજામાં સાચા દેવત્વની ભાવના પ્રગટાવે, એકબીજા માટે સહાનુભૂતિ અને આદરની જ્યોત જગાવે તેને સાચું ભણતર માને છે. જ્યારે સ્વામી સચ્ચિદાનંદ રૂપદર્શન, બુદ્ધિદર્શન કરતાં ય ભાવદર્શન અગત્યનું છે, જીવનનાં મૂળ તત્વો હૃદયમાં છે, તેને વિકસાવવાના છે. આમ, બંને ચિંતકો ગુણ-મૂલ્યો સાધવાના હિમાયતી છે.**

6.4 **રંગ અવધૂત સદ્-વિધાને તમામ પ્રકારની સંપત્તિ ગણાવે છે. વિધા એટલે એકલું જ્ઞાન જ નહિ પણ સારા સંસ્કાર વિકાસનો પાયો એ વિધા ઉપર હોવાનું તેઓ માને છે. સ્વામી સચ્ચિદાનંદના મતે બાળકમાં પ્રથમથી જ સુટેવોના સંસ્કાર નાખવા જોઈએ. તેઓ ઉમેરે છે કે જેમણે સુસંસ્કારની સ્થાપના માટે કાર્યો કર્યા હોય તે મહાપુરુષ છે. તેઓ માનવ ગુણવત્તાના નિર્માણને પ્રાધાન્ય આપે છે. આ બંને ચિંતકોના વિચારમાં વ્યક્તિનો ચારિત્ર્યવિકાસ સહજ અભિપ્રેત છે.**

6.5 **રંગ અવધૂતના મતે શિક્ષણનો હેતુ વિધાર્થીના શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક વિકાસ અને આત્મસાક્ષાત્કારનો હોવો જોઈએ. જ્યારે સ્વામી સચ્ચિદાનંદ શિક્ષણ ગૌરવપૂર્ણ જીવવા માટે જરૂરી હોવાનું માને છે. સ્વામી સચ્ચિદાનંદ ઉચ્ચ શિક્ષણ માનવીને આજીવિકા સાથે આનંદને જોડે છે અને આનંદ વ્યક્તિને બ્રહ્મ સાથે સાંકળે છે. તેઓના મતે શિક્ષણનું કામ રાખને ખંખેરી અગ્નિને સતેજ કરવાનું છે.**

માનવવિકાસ માટેના બે પાસાઓમાં શિક્ષણ અને ઘડતરમાં તેઓ ઘડતરને મહત્વ આપે છે. ટૂંકમાં, બન્ને ચિંતકોના મતે શિક્ષણનો હેતુ જીવનવિકાસલક્ષી હોવો જોઈએ.

6.6 રંગ અવધૂતે લોકશિક્ષણાર્થે ગાન, પ્રવચન, પ્રશ્નોત્તરી, ઉત્સવોની ઉજવણી, સ્તોત્રોના પાઠ, ગ્રંથોના પારાયણ વગેરે પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો હતો તેમજ સ્વાધ્યાય, નિરીક્ષણ પદ્ધતિ અને પ્રયોગપદ્ધતિના હિમાયતી હતા. જ્યારે પ્રવચન અને પુસ્તક લેખન દ્વારા સ્વામી સચ્ચિદાનંદે લોકશિક્ષણ આપ્યું છે. તેઓ નિરીક્ષણ પદ્ધતિ, પ્રવાસ પદ્ધતિ અને સહાભ્યાસ પ્રવૃત્તિના હિમાયતી છે. બન્ને ચિંતકોએ પોતિકી રીતે, પદ્ધતિથી વ્યક્તિ અને સમાજને ઉર્દ્વગામી બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

6.7 રંગ અવધૂતના મતે સદાચાર, સુટેવો, શિસ્ત અને સંસ્કાર શિક્ષણ દ્વારા વિકસવા જોઈએ. સ્વામી સચ્ચિદાનંદના મતે મગજની કેળવણી ખૂબ આવશ્યક છે ત્યારપછી હૃદય સુધી વિસ્તરી શકાય. તેમના મતે પ્રાથમિક શિક્ષણ અક્ષરજ્ઞાન, માધ્યમિક શિક્ષણ જ્ઞાન વૃદ્ધિ માટે છે પરંતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ મતે જ યુનિવર્સિટીનું શિક્ષણ હોવું જોઈએ. વિદ્યાર્થી માધ્યમિક શિક્ષણ પૂર્ણ થયા પછી પોતાના પગ પર ઊભો રહી શકવો જોઈએ. અહીં સ્વામી સચ્ચિદાનંદ જીવનલક્ષી શિક્ષણ સાથે આજીવિકાલક્ષી શિક્ષણની વાત અગત્યની માને છે.

6.8 રંગ અવધૂતના મતે શિક્ષક કર્તવ્યનિષ્ઠ, સંસ્કારી, પ્રયોગશીલ અને જ્ઞાનપિપાસુ હોવો જરૂરી માને છે. સ્વામી સચ્ચિદાનંદ શિક્ષકના વ્યવસાયને નોકરી ગણાતા નથી. તેઓ શિક્ષકને સરસ્વતીનો ઉપાસક માને છે, લક્ષ્મીનો નહીં. તેઓ શિક્ષકને હરતતુંફરતું પુસ્તકાલય કહી તેમના ગુણોની કદર કરે છે. તેઓ પૂર્ણ શિક્ષક થવા આજીવન વિદ્યાર્થી થવા કહે છે. તેમના મતે શિક્ષકનું વ્યક્તિત્વ વિદ્યાર્થીઓ માટે આદર્શ હોવું જોઈએ. સ્વામી સચ્ચિદાનંદના મતે, સાચા શિક્ષકની વાણીમાં તથા હાવ-ભાવ અને વ્યવહારમાં પૂર્ણ શિસ્ત હોય છે, શિક્ષકની છાપ વિદ્યાર્થી પર પડે છે તેને ભૂંસવી કઠિન છે. તેમના મતે સંસ્થાના સંચાલકો અને આચાર્ય આદર્શવાદી અને નિષ્ઠાવાન હોવા જોઈએ.

6.9 રંગ અવધૂત વિદ્યાર્થીઓને ઉદ્યમશીલ, સંયમી, ચારિત્ર્યવાન અને સંસ્કારી થવા સૂચવે છે. સ્વામી સચ્ચિદાનંદના મતે વિદ્યાર્થી શીખવા તત્પર હોવો જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓને બળવાન, મનોબળવાળા અને આત્મબળથી ભરેલા બનવા આહ્વાન કર્યું છે. તેઓ વિદ્યાર્થીઓને બૌદ્ધિક ક્ષમતા અને રૂચિ અનુરૂપ વિષયો ભણવાનું સૂચવે છે.

6.10 રંગ અવધૂત શિક્ષક –વિદ્યાર્થીઓના પરસ્પર સ્નેહને આવશ્યક માને છે, તેઓએ 'છાત્ર દેવો ભવ' ઉક્તિ ચરિતાર્થ કરી છે. શિક્ષકને જાત-પાતની ચીડ ના હોવી જોઈએ. સ્વામી સચ્ચિદાનંદના મતે શિક્ષકે ભણવા ઇચ્છતાં વિદ્યાર્થીને ક્યારે, કેવી રીતે અને કેટલું ભણાવવાનું એ સમજવું પડશે. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીના જીવનઘડતરનું છે આ દ્રષ્ટિએ શિક્ષક કલાકાર છે. સ્વામી સચ્ચિદાનંદ શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થી અને શિક્ષક એમ બંનેની સક્રિયતાને આવશ્યક માને છે.

4. **સમાપન:-**

**વર્તમાન સમયમાં સમાજ શિક્ષણને આજીવિકાલક્ષી માને છે, શિક્ષણ થકી સારી નોકરી-ધન ઉપાર્જનને વધારે મહત્વ આપાઈ રહ્યું છે પરિણામે વ્યક્તિ અને સમાજની સમસ્યાઓ વધી છે. આજે સૌએ ભૌતિક સુખની પાછળ દોટ મૂકી છે. રંગ અવધૂત અને સ્વામી સચ્ચિદાનંદના વિચારો જીવનને ઉજમાળું બનાવવાના છે. તેમણે વિદ્યાર્થીઓને શરીર, બુદ્ધિ અને હ્રદયની કેળવણી આપવી જરૂરી માની છે. આજે વ્યક્તિ અને સમાજમાં મૂલ્યોનો હ્રાસ થયો છે, જે ચિંતાજનક અને દુ:ખદ છે, આ માટે શું શિક્ષણ જવાબદાર તો નથી ને? તેથી આ બે લોકશિક્ષકોના શિક્ષણના વિચારોનો અભ્યાસ કરવાનું બન્યું. આ બંને ચિંતકોનું ચિંતન વર્તમાનપ્રવાહને લક્ષમાં રાખી શિક્ષણમાં ભેળવવાથી વ્યક્તિ અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે સાર્થક થશે એવી આશા છે.**

**સંદર્ભસૂચિ**


1. **કાલેલકર કાકાસાહેબ(1960).** ***શિક્ષણ અને સંસ્કૃતિ.*** **અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.**
2. **ગાંધીજી (સં.)** (2006). ***સાર્થ ગૂજરાતી જોડણીકોશ.*** **અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.**
3. **જોષી દેવદત્ત(1998).** ***રંગ સત્સંગ.*** **નારેશ્વર : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ.**
4. **જોષી ધીરુભાઈ અને દવે સુભાષ(સં.)(2005).** ***શરણાગતની તારણહાર.*** **અમદાવાદ: શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટ.**
5. **જોષી ધીરુભાઈ અને દવે સુભાષ(સં.)(2002).** ***જગતસુહૃદ.*** **અમદાવાદ: શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટ.**
6. **રંગ અવધૂત(2006).** ***ગીર્વાણભાષા પ્રવેશ.*** **નારેશ્વર : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ.**
7. **રંગ અવધૂત(2007).** ***શ્રી રંગપત્રમંજૂષા.*** **નારેશ્વર : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ.**
8. **સ્વામી સચ્ચિદાનંદ** (2002). ***આપણે અને સમાજ.*** VDNFJFN o U}H"Z 5|SFXG.
9. **સ્વામી સચ્ચિદાનંદ** (2002). ***શિક્ષણના ચાર પ્રકાર*** (**સૂરત: કૃષિ મંડળ સંસ્થા તરફથી નિવાસી શાળાના ઉદ્ઘાટન પ્રસંગે**, 10-06-2000, CD No. 0374 Cassette No.252).
10. **સ્વામી સચ્ચિદાનંદ** (2001). ***આપણે અને પશ્ચિમ.*** **અમદાવાદ : ગુર્જર પ્રકાશન.**
11. **સ્વામી સચ્ચિદાનંદ** (2002). ***શિક્ષણ શા માટે?.*** (**ભાવનગર : નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયની સુવર્ણ જયંતિ નિમિત્તે**, 15-07-2000, CD No. 0374 Cassette No.257).
12. **સ્વામી સચ્ચિદાનંદ** (2002). ***નવી આશા.*** **અમદાવાદ : ગુર્જર પ્રકાશન.**
13. **સ્વામી સચ્ચિદાનંદ** (2002). ***આચાર્ય દેવો ભવ:.*** (**ગંગાધરા : સુરત જિલ્લાના આચાર્ય સંઘના સંમેલનમાં**, 05-02-1993, CD No. 0144 Cassette No.093).
14. **સ્વામી સચ્ચિદાનંદ** (2006). ***અગવડોમાં આરાધના.*** **અમદાવાદ : ગુર્જર પ્રકાશન.**
15. **સ્વામી સચ્ચિદાનંદ** (2001). ***ઉપસંહાર.*** **અમદાવાદ : ગુર્જર પ્રકાશન.**
16. **સ્વામી સચ્ચિદાનંદ , ધ્વનિમુદ્રિત વાર્તાલાપ(પેટલાદ-દંતાલી :ભક્તિનિકેતન આશ્રમ), તા. ૧૬મી ડિસેમ્બર, ૨૦૦૬.**
17. **સ્વામી સચ્ચિદાનંદ , સદગુરુદેવ અને કોમ્પ્યુટર(કાવીઠા : કોમ્પ્યુટર કલાસના ઉદ્ઘાટન પ્રસંગે,**. 17-05-2000, CD No. 0364 Cassette No.248**)**
18. **સ્વામી સચ્ચિદાનંદ** (2003). ***નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા.*** **અમદાવાદ : ગુર્જર પ્રકાશન.**